આકાશવાણી, અમદાવાદ

15-09-2025 Midday: 2.30 TO 2.35

Monday Regional News

## PM SURAKSHA BIMA

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના’ હેઠળ રાજ્યમાં અત્યાર સુધી વિક્રમજનક બે કરોડ એક લાખથી વધુ લાભાર્થી જોડાયા છે. સત્તાવાર યાદી મુજબ આ લાભાર્થીઓએ વાર્ષિક માત્ર 20 રૂપિયા ભરીને પોતાના આકસ્મિક મૃત્યુ અથવા દિવ્યાંગતાના કિસ્સામાં એકથી બે લાખ રૂપિયા સુધીનું વીમા સુરક્ષા કવચ લઈ પરિવારની આર્થિક સુરક્ષા વધુ સુનિશ્ચિત કરી છે. આ યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને નજીવા દરે વ્યક્તિગત અકસ્માત વીમા કવચ પુરૂ પાડવામાં આવે છે.

. . . .

## PMSHRI CHESS TOURNAMENT

ગાંધીનગરની પીએમશ્રી કેન્દ્રીય વિદ્યાલય ખાતે 54મી રાષ્ટ્રીય રમત સ્પર્ધા અંતર્ગત છોકરીઓની ચેસ સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો. આ પ્રસંગે ઓલમ્પિયાડ 2022માં ભાગ લેનાર રાજ્યના પ્રથમ ચેસ ખેલાડી વિશ્વા વાસનવાલા એ પણ ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું.

ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં દેશની વિવિધ કેન્દ્રીય વિદ્યાલયોની 216 છોકરીઓ 17 વર્ષથી ઓછી અને 19 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં ભાગ લઈ રહી છે.

. . . . . . .

## TALATI PARIKSHA

રાજ્યભરમાં તલાટીની જગ્યા માટેની મુખ્ય પરીક્ષા આગામી 14 ઑક્ટોબરે લેવાઈ શકે છે. બે હજાર 384 મહેસૂલ તલાટી વર્ગ ત્રણની જગ્યા માટે ગઈકાલે પ્રાથમિક પરીક્ષા લેવાઈ હતી. ત્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે મુખ્ય પરીક્ષાની સંભવિત તારીખ જાહેર કરી છે.

. . . . . . . .

## AMDAVAD MEGA RAKTADAN CAMP

અમદાવાદમાં 17 સપ્ટેમ્બરે “રક્તદાન અમૃત મહોત્સવના બીજા તબક્કા” અંતર્ગત વિશ્વની સૌથી મોટી મેગા રક્તદાન શિબિર યોજાશે. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરા ખાતે યોજાનારી શિબિરનું ઉદ્‌ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થશે.

આ શિબિરનો ઉદ્દેશ એક જ દિવસમાં ત્રણ લાખ એકમ રક્ત એકત્રિત કરવાનો છે. દેશભરમાં અને 75થી વધુ દેશમાં પણ સાત હજાર 500થી વધુ રક્તદાન શિબિર યોજાશે. શિબિરની પૂર્વસંધ્યાએ દેશભરમાં સાઈકલ યાત્રા, મૅરેથૉન અને વૉકેથૉન પણ યોજાશે.

. . . .

## JAMNAGAR MARATHON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે 17 સપ્ટેમ્બરે ભાજપ યુવા મોરચા દ્વારા સેવા મૅરેથૉન યોજાશે. સેવા સપ્તાહની ઉજવણી અંતર્ગત દેશભરમાં 75 મૅરેથૉન દોડનું આયોજન કરાયું છે. તે મુજબ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, સુરત, ગાંધીનગર, વલસાડ, આણંદ, જુનાગઢ અને જામનગર એમ 10 શહેરમાં આ દોડ યોજાશે. નશામુક્તિ અને ફિટ ઈન્ડિયાનો સંદેશ આપવાનો હેતુસર યોજાનારી દરેક દોડમાં દસ હજાર લોકો લેશે ભાગ.

. . . . . . . . . . . .

## GANDHIDHAM DEMOLITION

કચ્છમાં ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા મુખ્ય બજારમાં દબાણ હટાવવાનું કામ હાથ ધરાયું. અમારા પ્રતિનિધિ હેમાન્ગ પટણી જણાવે છે, દબાણ કરનારા લોકોને સ્વેચ્છાએ દબાણ દૂર કરવા બે દિવસનો સમય આપ્યા બાદ આજે આ કાર્યવાહી હાથ ધરાઈ. દબાણ હટાવવાનો મુખ્ય હેતુ ટ્રાફિકની સમસ્યાનું નિવારણ લાવવાનો છે. ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા હવે દર સપ્તાહે દબાણ હટાવવાની કામગીરી કરાશે.

. . . .

## GST REFORMS AUTO SECTOR

વસ્તુ અને સેવા કર - GST પરિષદે કર માળખામાં કરેલા ફેરફારને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ ફેરફારથી ઑટો મૉબાઈલ ક્ષેત્રને મોટો લાભ થશે. તેનાથી નાની કારની ખરીદી પરના જીએસટીમાં 10 ટકાનો ઘટાડો થતાં કારની કિંમત ઘટશે. આકાશવાણી સાથે વાત કરતા આ ક્ષેત્ર સાથે સંકળાયેલા વડોદરાના ભાવિન પટેલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, નવા દરથી ગાડીની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થતાં વેચાણ વધશે, જેથી ઑટો મૉબાઈલ ક્ષેત્રમા તેજી આવશે.

. . .

## GANDHINAGAR SARDAR YATRA

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે, સુરતના બારડોલીથી નીકળેલી 'સરદાર સન્માન યાત્રા' આજે ગાંધીનગર પહોંચી. આ યાત્રામાં જોડાયેલા લોકોનું સેકટર 12 ઉમિયા માતાના મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સ્વાગત કરાયું હતું. યાત્રામાં સરદાર પટેલની પ્રતિમા સાથેના રથ ઉપરાંત અંદાજિત 80 જેટલી ગાડીઓ પણ જોડાઈ હતી.

. . . . . . .

## MEHSANA VAVETAR

મહેસાણા જિલ્લામાં બે લાખ 79 હજાર હેક્ટરની સામે બે લાખ 71 હજાર હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. એટલે કે 97 ટકા વાવેતર થઈ ગયું છે. ખેરાલુ, સતલાસણા, વડનગર, વિજાપુર અને વિસનગરમાં વધુ વરસાદને પગલે સો ટકા વાવેતર થયું છે. જિલ્લામાં દિવેલાના પાકનું વાવેતર 94 હજાર હેક્ટરમાં થયું છે.

. . . . . . . . . . . . .